

P.07

સાંતા શિલ્પા શેટ્ટીના ઘરે આવ્યો,બાળકો વિયાન અને સમિષા સાથે ઉજવ્યો સેલિબ્રેશન

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.07

સલમાનને હવે રિતિક રોશનનો સહારો, ટાઈગર અને કબીર સ્ક્રીન પર સાથે જોવા મળશે!

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૩૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 137 • Dt. 26-12-2024 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


મોઝામ્બિકમાં હિંસા ફાટી નીકળી । હિંસામાં મૃત્યુઆંક ૧૫૦ પર પહોંચી ગયો । ૨૧ના મોત



07

26 DECEMBER- 2024 THURSDAY



07

એએસઆઇ ટીમે યુપીના સંભલમાં પગથિયાંનું નિરીક્ષણ કર્યું । ૧૩ સીડી સ્પષ્ટ દેખાતી હતી

**અમદાવાદ સહિતના શહેરોમાં ભારે પવન ફુંકાવાની શક્યતા**

**હવામાન વિભાગની આગાહી મુજબ નલિયામાં સૌથી ઓછુ તાપમાન ૭.૫ અને રાજકોટ મહાનગરોમાં સૌથી ઠંડુ શહેર બન્યું । અસહ્ય ઠંડીના લીધે પશુ-પક્ષીઓની હાલત દયનીય બની । પ્રાણીસંગ્રાલયોમાં હિટરની વ્યવસ્થાઓ કરવામાં આવી । દિવસે પણ લોકો ગરમ કપડામાં સજ્જ જોવા મળ્યા**

# ગુજરાતમાં ગાત્રો ધ્રૂજવતી ઠંડીની આગાહી

**ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેર જોવા મળી શકશે । બનાસકાંઠા, સાબરકાંઠા, મહિસાગર અને પંચમહાલમાં માવઠાની શક્યતાઓ વધી**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

રાજ્યભરમાં લોકો ગાત્રો ધ્રૂજવતી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે, એક સપ્તાહ કરતાં વધુ સમયથી રાજ્યમાં ઉત્તર-પશ્ચિમી પવનોને કારણે લઘુત્તમ તાપમાનમાં ૪-૫ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ રહ્યો છે, જ્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર, તાપમાનની તીવ્રતા નજીકના ભવિષ્યમાં ઠંડીનું પ્રમાણ વધશે અને શહેરવાસીઓને ઠંડી સાથે સંઘર્ષ કરવો પડશે. આવી સ્થિતિ ઉભી થશે.હવામાન વિભાગની આગાહી મુજબ જો તાપમાનની વાત કરીએ તો નલિયામાં સૌથી ઓછું તાપમાન ૭.૫ ડિગ્રી અને રાજકોટ મહાનગરોમાં સૌથી ઠંડુ શહેર બન્યું છે, રાજકોટમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી ૧૩ ડિગ્રી નોંધાયું હતું. , વડોદરા ૧૪ ડિગ્રી, સુરત ૧૫.૪ ડિગ્રી, કેશોદ ૧૦.૧ ડિગ્રી, અમરેલી ૧૧.૮ ડિગ્રી, સુરેન્દ્રનગર ૧૨.૨ ડિગ્રી, ભાવનગર ૧૩.૫ ડિગ્રી.હવામાન વિભાગે રાજ્યના વાતાવરણને લઈને એક મોટી આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ૩ દિવસ કમોસમી વરસાદ વરસી શકે છે. જ્યારે ૨૬થી ૨૯ ડિસેમ્બર ત્રણ દિવસ સુધી અનેક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવે તેવી આગાહી કરી છે.ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેર જોવા મળી શકે છે. જ્યારે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં માવઠાની શક્યતા છે. મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદમાં પણ વરસાદની શક્યતા છે.



**ઉત્તર પૂર્વ રાજસ્થાનથી પવન ફૂંકાતા અસર દેખાઈ છે**

બીજી તરફ અંબાલાલ પટેલની આગાહી અનુસાર ઉત્તર ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. પંચમહાલ સહિત વલસાડ સુધી વરસાદ પડી શકે છે. ૨૫થી ૨૮ ડિસેમ્બર સુધી પશ્ચિમિ વિક્ષેપ રહેશે જેના પગલે વરસાદ પડી શકે છે. ત્યાર સુધી રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેશે. પશ્ચિમિ વિક્ષેપ ગયા બાદ આકરી ઠંડી પડી શકે છે. ઉતરાયણ પછી હવામાનમાં વધારે પલટો આવે તેવી પણ આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં લો પ્રેશરનું ક્ષેત્ર રચાયું છે. તે આગામી બે દિવસમાં વધુ સ્પષ્ટ થશે. આ પછી, તે પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તમિલનાડુ કિનારા તરફ આગળ વધે તેવી શક્યતા છે. તમિલનાડુના દરિયાકાંઠે જોરદાર પવન ફૂંકાશે અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદ થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મધ્ય અને ઉપલા ટ્રોપોસ્ફિયરમાંથી ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે.

**ગુજરાતમાંથી નશાનો કારોબાર મળવાનો સિલસિલો હજુ પણ યથાવત**

## વડોદરામાંથી ઝડપાયો ૨૨ લાખ રૂપિયાનો હાઈબ્રીડ ગાંજો । ૨૦ વર્ષીય આરોપીની ધરપકડ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

ગુજરાતમાંથી નશાનો કારોબાર મળવાનો સિલસિલો હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. અમદાવાદ બાદ વડોદરામાંથી પણ હાઈબ્રીડ ગાંજો પકડાયો છે. લાખો રુપિયાના હાઈબ્રીડ ગાંજા સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જે પહેલા પણ નશાના વેપારમાં ઝડપાઈ ચુક્યો છે.વડોદરામાંથી પહેલી વાર હાઈબ્રીડ ગાંજાની હેરાફેરી થતી ફકડાઈ છે. ૨૨ લાખના હાઈબ્રીડ ગાંજા સાથે



૨૦ વર્ષીય આરોપી આદીબની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી ૭૩૪ ગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે. ગાંજાના સપ્લાયના વિદેશ કનેક્શનની આશંકા છે.મળતી માહિતી મુજબ આરોપીના પિતા પણ આ જ ગુનાખોરીના નેટવર્કમાં સંડોવાયેલા છે. પોલીસે આરોપીના ફરાર પિતાને પકડવા ચક્રો કર્યા ગતિમાન કર્યા છે. પહેલા પણ ફરાર પિતા ૫ કિલો ગાંજા સાથે પકડાયા હતા. તો વર્ષ ૨૦૨૦ માં પણ આરોપી ગાંજા સાથે પકડાયો હતો. જેમાં પણ આદીબની અટકાયત કરવામાં આવી હતી. ગુજરાતમાંથી નશાનો કારોબાર મળવાનો સિલસિલો હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. અમદાવાદ બાદ વડોદરામાંથી પણ હાઈબ્રીડ ગાંજો પકડાયો છે. લાખો રુપિયાના હાઈબ્રીડ ગાંજા સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જે પહેલા પણ નશાના વેપારમાં ઝડપાઈ ચુક્યો છે.વડોદરામાંથી પહેલી વાર હાઈબ્રીડ ગાંજાની હેરાફેરી થતી ફકડાઈ છે.

**પોલીસે ડાલુ ચાલક હેમંતકુમાર દરંગાને ઝડપી પાડ્યો**

## વિજયનગરમાં ૧૦૯૨ વિદેશી દારૂ બોટલ સાથે ધરપકડ । રૂ. ૯.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત

**બંને આરોપીઓ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે**

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૨૫ ।

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના રાણી ચેકપોસ્ટ પર પોલીસે ગઈકાલે રાત્રે એક વ્યક્તિને ૧૦૯૨ બોટલ વિદેશી દારૂ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ. ૯.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વિજયનગર પોલીસે ૩૧ના તહેવારોમાં વિદેશી દારૂની હેરાફેરી રોકવા માટે ચેકપોસ્ટ પર ખાસ વોચ ગોઠવી હતી. આ દરમિયાન રાજસ્થાન તરફથી આવતા એક ડાલુ(નાના ટ્રક)ને રોકીને તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન ડાલુના ગુપ્તખાનામાંથી ૧૦૯૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.ડીસેમ્બર અંતિમ



દિવસોમાં જલસા માટે પરપ્રાંતમાંથી લવાતા વિદેશી દારૂની હેરફેરી રોકવાના ભાગરૂપે વિજયનગર પીએસઆઈ વાય. બી. બારોટે પોતાના સાથી કર્મચારીઓ સાથે રાણી ચેકપોસ્ટ આગળ ખાસ વોચ ગોઠવવામાં આવતાં રાજસ્થાન તરફથી આવતા ડાલુને રોકીને એની તલાશી લેતા ડાલુના ગુપ્તખાનામાં સંતાડેલો ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૧,૦૯૨ કુલ કિ.રૂ. ૨,૮૯,૦૯૨/-નો જથ્થો, રૂ. ૫ લાખનું ડાલુ અને ૨ હજારનો મોબાઈલ મળી કુલ રૂ. ૯.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસે ડાલુ ચાલક હેમંતકુમાર દરંગાને ઝડપી પાડ્યો છે. જ્યારે તેનો સાથી નારાયણડી નગેન્દ્ર વડેરા ફરાર છે. પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સાબરકાંઠાના વિજયનગર તાલુકાના રાણી ચેકપોસ્ટ પર પોલીસે ગઈકાલે રાત્રે એક વ્યક્તિને ૧૦૯૨ બોટલ વિદેશી દારૂ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ. ૯.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ડાલુના ગુપ્તખાનામાંથી ૧૦૯૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.

## રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું આજે ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું. આ કેલેન્ડર "સફળ અને સક્ષમ નેતૃત્વના ૨૩ વર્ષ" થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના વિવિધ ૨૩ આઈકોનિક સ્થળોની નયનરમ્ય તસવીરો અને અગત્યની ટૂંકી વિગતો રજૂ કરવામાં આવ્યા છે.ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતથી લઈને ગિફ્ટ સિટી અને દેશના પ્રથમ બુલેટ ટ્રેનના સૂચિત હબ એવા સાબરમતી સ્ટેશન જેવી આધુનિક માળખાકીય સુવિધા તેમજ દાંડી સત્યાગ્રહ અને પાલ દઢવાવ સ્મારકને પણ કેલેન્ડરમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી અને એમ.કે.દાસ, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે. એલ. બચાણી, સરકારી મુદ્રણ અને છાપકામના નિયામક વી. એમ. રાઠોડ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ

**હિંમતનગર,તા.૨૫ ।** રાજ્યભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાત સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભુપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે આજે ખરીદી કરાશે. આજથી રાજ્યભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાત સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભુપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે આજે ખરીદી કરાશે.









**પોલીસે ફરિયાદ નોંધી** | **પ્રવિલોન બિલ્ડકોન નામની ભાગીદારી પેઢી બનાવીને આરોપીઓએ ઘુમા ગામની સીમમાં નકલી સ્કીમ ઉભી કરી હતી**

## બોપલમાં ૨ બિલ્ડરોએ કરેલી 3.33 કરોડની છેતરપિંડીનો પર્દાફાશ

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૨૫।

અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં ૨ બિલ્ડરોએ દુકાન અને ફ્લેટ વેચવાના નામે લોકોને છેતર્યા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પ્રિવિલોન બિલ્ડકોન નામની ભાગીદારી પેઢી બનાવીને આરોપીઓએ ઘુમા ગામની સીમમાં નકલી સ્કીમ ઉભી કરી હતી અને લોકો પાસેથી કરોડો રૂપિયા ઉંચા કર્યા હતા.આ મામલે પોલીસે જયદીપ કેતનભાઈ કોટક અને હિરેન અમૃતલાલ કારીયા નામના ૨ બિલ્ડરો સામે ૩.૩૩ કરોડની




છેતરપિંડીની ફરિયાદ નોંધી છે. ફરિયાદી ભાવેશભાઈ રવાણીએ આરોપીઓ પાસેથી ફ્લેટ અને દુકાન ખરીદી હતી, પરંતુ બાદમાં જાણવા મળ્યું કે આ સ્કીમ નકલી હતી.આરોપીઓએ ભેગા મળી પ્રિવિલોન બિલ્ડકોન નામની પેઢી બનાવી હતી અને ખોટો પ્રચાર કર્યો હતો કે તેમણે ઘુમા ગામની સીમમાં જમીન ખરીદી છે અને ત્યાં ૨૨ માળની બિલ્ડિંગ બનાવવાની છે. આ માટે તેમણે સમાચાર માધ્યમો અને સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કર્યો હતો. ભાવેશભાઈ રવાણીએ આરોપીઓ પાસેથી ગ્રાઉન્ડ ફ્લોરની ૧ દુકાન અને ૧ ફ્લેટ ખરીદ્યો હતો. આ માટે તેમણે ૨ કરોડ ૨૩ લાખ રૂપિયા આપ્યા હતા. જ્યારે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું ત્યારે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બોપલ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવાના પ્રયાસો શરૂ કર્યા છે. આ ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી છે અને લોકોને રોકાણ કરતી વખતે સાવધાન રહેવાની ચેતવણી આપી છે. અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં ૨ બિલ્ડરોએ દુકાન અને ફ્લેટ વેચવાના નામે લોકોને છેતર્યા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પ્રિવિલોન બિલ્ડકોન નામની ભાગીદારી પેઢી બનાવીને આરોપીઓએ ઘુમા ગામની સીમમાં નકલી સ્કીમ ઉભી કરી હતી અને લોકો પાસેથી કરોડો રૂપિયા ઉંચા કર્યા હતા.આ મામલે પોલીસે જયદીપ કેતનભાઈ કોટક અને હિરેન અમૃતલાલ કારીયા નામના ૨ બિલ્ડરો સામે ૩.૩૩ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધી છે.

### શહેરમાં સફેદ પાણીના વેચાણમાં લોકો કાળા કામો કરી રહ્યા છે

# સુરત શહેરમાં શુદ્ધ પાણીના નામે ભેળસેળનું વેચાણ, લગભગ ૧૪ માંથી ૯ નમૂના ફેલ થયા

## છેલ્લા ૧૧ મહિનામાં મિનરલ વોટર, પેકેડ્જ બોટલ અને જારના પાણીના નમૂનાના સેમ્પલ લેવાયા હતા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૫ ।





સુરતમાં શુદ્ધ પાણીના નામે ભેળસેળનું વેચાણ થઈ રહ્યું છે. બજારમાં વેચાતી પાણીની બોટલમાં કેટલા ટકા શુદ્ધ પાણી છે તેને લઈને લેબોરેટરીમાં ચકાસણી કરવામાં આવી હતી. અને તેમાં ૧૪ સેમ્પલમાંથી ૯ નમૂના ફેલ થયા હોવાનો ખુલાસો થયો. છેલ્લા ૧૧ મહિનામાં મિનરલ વોટર, પેકેડ્જ બોટલ અને જારના પાણીના નમૂનાના સેમ્પલ લેવાયા હતા.શહેરમાં સફેદ પાણીના વેચાણમાં લોકો કાળા કામો કરી રહ્યા છે. શુદ્ધ પાણીના વેચાણના નામે લોકોને પેકેજ્ડ બોટલોમાં ભેળસેળયુક્ત પાણી આપી રહ્યા છે. પાણીની શુદ્ધતાને લઈને વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઈ. વિભાગે પાણીના સેમ્પલના નમૂના લીધા હતા જેને લેબોરેટરીમાં તપાસમાં મોકલવામાં આવ્યા. અને તેમાંથી ૧૪ સેમ્પલમાંથી ૯ નમૂના ફેલ થયા. ફેલ થયેલ સેમ્પલમાં મિનરલ્સનો અભાવ અને પીએચ મૂલ્ય ૬.૫ કરતાં ઓછું હતું. તેમજ ક્લોરાઈડ અને હાર્ડનેસ સ્તર ૫૦૦થી વધુ હોવાનું તપાસમાં સામે આવ્યું. મોટી-મોટી કંપનીઓ બજારમાં શુદ્ધ પાણીના નામે ભેળસેળ કરે છે. કષ્ટભંજન એન્ટરપ્રાઈઝિસ, એચ. એન. ટ્રેડર્સ, વરૂણ એન્ટરપ્રાઈઝિસ, ફ્રેશ સ્ટ્રીમ બેવરેજેસ, રાઠોડ બ્રધર્સ, બ્રીથ બેવરેજેસ, પી.એમ. માર્કેટિંગ, નિરાલી બેવરેજેસ એન્ડ ફૂડ અને ગજાનંદ ફૂડ એન્ડ બેવરેજેસના નમૂના તપાસમાં નિષ્ફળ નિવડ્યા. આ તમામ કંપનીઓના નમૂના ફેલ થવા પર વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરતા દંડ ફટકારવામાં આવી શકે છે. સુરતમાં શુદ્ધ પાણીના નામે ભેળસેળનું વેચાણ થઈ રહ્યું છે. બજારમાં વેચાતી પાણીની બોટલમાં કેટલા ટકા શુદ્ધ પાણી છે તેને લઈને લેબોરેટરીમાં ચકાસણી કરવામાં આવી હતી. અને તેમાં ૧૪ સેમ્પલમાંથી ૯ નમૂના ફેલ થયા હોવાનો ખુલાસો થયો. છેલ્લા ૧૧ મહિનામાં મિનરલ વોટર, પેકેડ્જ બોટલ અને જારના પાણીના નમૂનાના સેમ્પલ લેવાયા હતા.શહેરમાં સફેદ પાણીના વેચાણમાં લોકો કાળા કામો કરી રહ્યા છે.

## ખોખરામાં નશામાં ધૂત ટ્રક ચાલકે સર્જ્યો અકસ્માત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

શહેરમાં વધુ એકવાર રફતારનો કહેર જોવા મળ્યો. ખોખરામાં ટ્રક અને બાઈકની ટક્કર થતાં અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં ૨ના મોત થયા. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડયા.ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં ખોખરા વિસ્તારમાં અકસ્માત સર્જાયો. ખોખરા ટ્રક ચાલકે એકટીવા સવારને અડફેટે લીધો. એકટીવા પર નાના અને પૌત્રી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટ્રકની અડફેટે આવતા એક્ટિવા પર સવાર બંને લોકો નીચે પટકાયા. ગમખ્વાર અકસ્માતમાં પૌત્રી ઘટના સ્થળે જ મૃત્યુ પામી. જ્યારે ઈજાગ્રસ્ત થયેલ શખ્સ(નાના)ને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યું. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું.ખોખરા પાસે ટ્રક અને એક્ટિવાની ટક્કરના અકસ્માતમાં ૨ના મોત થયા. અકસ્માતને પગલે લોકો ભેગા થઈ ગયા હતા. ગંભીર સ્થિતિ જોતા પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરાઈ.

## ભરૂચમાં ૭૨ વર્ષીય વૃદ્ધા પર નરાધમે આચર્યુ દુષ્કર્મ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૫ ।

ભરૂચમાં નિર્ભયાની મોતના શરમજનક બનાવના પડઘા શાંત નથી પડ્યા ત્યાં તો ૭૨ વર્ષીય વૃદ્ધા પર ૩૫ વર્ષીય નરાધમે દુષ્કર્મ આચરતા ખળભળાટ મચી ગયો છે. આમોદ તાલુકામાં દુષ્કર્મના કેસમાં સજા ભોગવી ચુકેલા શખ્સે ફરીથી કૃત્ય કરતા બનાવના પગલે એસપી સહિત એલસીબી એસઓજી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા છે. હાલ પોલીસ આરોપીની શોધખોળ કરવા અલગ અલગ ટીમ રવાના કરી છે.ગુજરાતમાં ફરીથી શર્મસાર કરતી ઘટના બની છે. ભરૂચ જીલ્લાના આમોદ તાલુકામાં ઈંટોલા ગામે ૩૫ વર્ષીય નરાધમે જેલવાસ ભોગવ્યા બાદ ગામમાં આવી ગામની સીમમાં વૃદ્ધા પર દુષ્કર્મ આચર્યુ હોવાની જાણ થતાં જીલ્લા પોલીસવડા તેમના કાફલા સહિત ઘટનાસ્થળે પહોંચી નરાધમને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.આ આંકડાઓ અત્યંત ચિંતાજનક છે.

## અમદાવાદમાં બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરનાર આરોપીને કઢાયું સરઘસ કઢાયું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

શહેરનાના ખોખરામાં બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરનારા આરોપીઓનો પોલીસે વરસઘોડો કાઢ્યો છે. મેહુલ ઠાકોર અને ભોલાનું પોલીસે આજે સવારે સરઘસ કાઢ્યું છે. પોલીસે ફરી એકવાર આરોપીઓમાં ઉદાહરણ બેસે તેના માટે કાયદાનું ભાન કરાવ્યું છે. મોટી સંખ્યામાં લોકોએ એકઠા થયા અને જય ભીમના નારા લગાવ્યા હતા. હાલ ખોખરા સ્થિત જયંતીલાલ વકિલની ચાલી ખાતે બાબા સાહેબની નવી પ્રતિમાનું સ્થાપન કરાયું હતું. જયંતીલાલ વકિલની ચાલી ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.અમદાવાદના ખોખરા વિસ્તારમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવામાં આવી હતી. આ ઘટના બાદ લોકોમાં રોષ ફેલાયો હતો. ખોખરા વિસ્તારમાં લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને દુકાનો બંધ કરાવી હતી. બાબા સાહેબની પ્રતિમા ખંડિત કરવાની ઘટના બાદ આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસની ટીમ સક્રિય થઈ હતી. હવે બાબાસાહેબની મૂર્તિ ખંડિત કરનાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં કેકે શાસ્ત્રી કોલેજની સામે આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અજાણ્યા શખ્સોએ ખંડિત કરી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી હતી.

### રાજ્યમાં અનેક વખત ખાદ્યપદાર્થ ભેળસેળ યુક્ત ઝડપાયો

# દૂધમાં પાણીની ભેળસેળ કરતી ગેંગનો પર્દાફાશ । ૪ આરોપીની ધરપકડ કરાઇ

। પ્રતિનિધિ, નવસારી, તા.૨૫ ।



રાજ્યમાં અનેક વખત ખાદ્યપદાર્થ ભેળસેળ યુક્ત ઝડપાયો છે. ત્યારે ફરી એક વાર ગુજરાતમાંથી ખાદ્યપદાર્થમાં ભેળસેળ કરતી ગેંગનો પર્દાફાશ થયો છે. નવસારીમાં દૂધમાં પાણીની ભેળસેળ કરતી ગેંગનો પર્દાફાશ થયો છે. એસઓજીએ હલકી ગુણવત્તાવાળુ દૂધ વેચતા ૪ આરોપીને ઝડપ્યા છે. બારડોલી રોડ પર આવેલા નસીલપોર નજીક એસઓજીએ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. મધર ડેરીના ટેક્રરમાંથી દૂધ કાઢીને પાણી ભેળવતા રંગેહાથ ઝડપાયા હતા. જુનાગઢથી મહારાષ્ટ્ર સુધી મધર ડેરીના ટેક્રર દ્વારા દૂધ પહોંચાડાતું હોવાનું સામે આવ્યું છે. દૂધમાં પાણી ભેળવવાના કૌભાંડમાં ડ્રાઈવરની મિલીભગતનો હોવાનો પણ ખુલાસો થયો છે.બીજી તરફ આ અગાઉ મહેસાણામાં ફૂડ વિભાગ લીધેલા જીરાના નમૂના ફેલ થયા હોવાનું સામે આવ્યું હતુ. જીરાના નમૂનામાંથી સ્ટોન પાઉડર મળી આવ્યો હતો. પટેલ ભાર્ગવ પી.ના જીરાના નમૂનામાંથી સ્ટોન પાઉડર મળી આવ્યો હતો.પટેલ ભાર્ગવ પી,ના જીરાના નમૂનાના હજુ ૨ રિપોર્ટ બાકી હતો. ફૂડ વિભાગ દ્વારા ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નમૂના લેવાયા હતા. ઊંઝાના ઉમા એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાંથી લીધેલા વરિયાળીના નમૂના પણ ફેલ થઈ ગયા હતા. રાજ્યમાં અનેક વખત ખાદ્યપદાર્થ ભેળસેળ યુક્ત ઝડપાયો છે.

## એસ.ટી. બસોમાં મુસાફરોને બસની ટિકિટ માટે છુટા રૂપિયામાંથી મુક્તિ!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે.વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮૫૦૦થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે.નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગત વર્ષે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦થી વધુ બસોમાં ૩૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે. 'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે.

## ઝઘડિયાની દુષ્કર્મ પીડિતા બાળકીની ઝારખંડમાં અંતિમવિધિ થશે

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૫ ।

ભરૂચના ઝઘડિયામાં ૧૬મી ડિસેમ્બરે ૧૦ વર્ષની બાળકી સાથે થયેલા બર્બરતાપૂર્ણ દુષ્કર્મ બાદ ૮ દિવસની સારવારને અંતે બાળકીનું મોત થયુ છે. દુષ્કર્મ કરનાર દાનવે બાળકીને એટલી હદે પીંખી નાખી હતી કે તે ૮ દિવસ સુધી જિંદગી અને મોત સામે ઝઝુમતી રહી. નરાધમ રાક્ષસે બાળકી સાથે પાશવીપણાની તમામ હદો પાર કરી નાખી હતી. તેના પ્રાઈવેટ પાર્ટમાં મેટલનો સળિયો ઘુસાડી દેતા તેના આંતરડા ફાંટી ગયા હતા. પેટમાં ઈન્ફેક્શન થઈ ગયુ હતુ. જે બે સર્જરી બાદ પણ તબીબો દૂર કરી શક્યા ન હતા અને આખરે બાળકી મોત સામે હાર ગઈ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષીય બાળકી પર થયેલા દુષ્કર્મે દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું આજે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૧૮૦ કલાક બાદ મોત થઈ ગયું છે.




### ૧૯ લાખની રકમ જપ્ત કરાઇ

# અમદાવાદમાં ડીગુચા કેસમાં વધુ એકવાર ઈડીનો સપાટો । આઠ સ્થળ ઉપર દરોડા

**ડીંગુચા પરીવારના ૪ સભ્યો ૨૦૨૨માં અમેરીકામાં ઘૂસ્યા હતા । એજન્ટ દ્વારા ગેરકાયદેસર રીતે તેમને મોકલવામાં આવ્યા હતા**





। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

ડીગુચા કેસમાં વધુ એકવાર ઈડીએ સપાટો બોલાવ્યો છે. ઈડી માનવ તસ્કરી કેસમાં દરોડા પાડી વાંધાજનક દસ્તાવેજો સહિત રોકડ રકમ જપ્ત કરી.ઈડીએ મુંબઈ, નાગપુર, ગાંધીનગર અને વડોદરા એમ ૮ સ્થળો પર દરોડા પાડી ૧૯ લાખની રકમ જપ્ત કરી. અમેરિકામાં ઘૂસવા જતા ડિંગુચા પરિવારના ચાર સભ્યોના મોત થવાના મામલે તપાસ તેજ કરવામાં આવી છે.

ડીંગુચા પરીવારના ૪ સભ્યો ૨૦૨૨માં અમેરીકામાં ઘૂસ્યા હતા. એજન્ટ દ્વારા ગેરકાયદેસર રીતે તેમને મોકલવામાં આવ્યા હતા. ભારે હિમવર્ષમાં ડિંગુચા પરિવારના ૪ લોકોના દટાઈ જવાના કારણે મોત થવાના કેસમાં તપાસ તેજ કરતા માર્ચ મહિનામાં ગુજરાતના અલગ-અલગ સ્થળો પર દરોડા પાડ્યા હતા. માનવ તસ્કરી કેસમાં ફેબ્રુઆરીમાં શિકાગો પોલીસ દ્વારા હર્ષ પટેલ ઉર્ફે ડર્ટી હેરીની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષ પટેલની માનવ તસ્કરીના શંકાસ્પદ આરોપી બોબી પટેલ સાથે સંડોવણી હોવાની શંકાના આધારે આ ધરપકડ કરાઈ હતી. ૨૦૨૨માં ગુજરાત પોલીસે બોબી પટેલની ધરપકડ કરી હતી. જો કે તેને જામીન મળી ગયા હોવાથી તે બહાર છે.

ડીગુચા માનવ તસ્કરી કેસમાં ઈડીએ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના પણ કેટલાક સ્થાનો પર દરોડા પાડ્યા. ગુજરાતમાં ગાંધીનગર અને વડોદરા તેમજ મહારાષ્ટ્રમાં નાગપુર અને મુંબઈ જેવા સ્થાનો પર દરોડા પાડી વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો અને ૦૨ વાહનો જપ્ત કર્યા. આ ઉપરાંત ઈડીએ બેંક ખાતામાંથી અંદાજે ૧૯ લાખની રકમ જપ્ત કરી. આ મામલે વધુ તપાસ હાથ ધરી. માનવ તસ્કરી કેસમાં વાયા કેનેડાથી ગેરકાયદે અમેરિકા મોકલવાનો આરોપને લઈને ગુજરાત પોલીસની સાથે ઈડી પણ સામેલ થતા અનેક વધુ ખુલાસા થવાની સંભાવના છે. ડીગુચા કેસમાં વધુ એકવાર ઈડીએ સપાટો બોલાવ્યો છે. ઈડી માનવ તસ્કરી કેસમાં દરોડા પાડી વાંધાજનક દસ્તાવેજો સહિત રોકડ રકમ જપ્ત કરી.ઈડીએ મુંબઈ, નાગપુર, ગાંધીનગર અને વડોદરા એમ ૮ સ્થળો પર દરોડા પાડી ૧૯ લાખની રકમ જપ્ત કરી.

### દિકરીને ચુંગલમાંથી છોડાવવા હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવી

# ઇસ્કોન મંદિરમાં દીકરીનું બ્રેઈન વોશ કરાયાનો આરોપ, પિતાની હેબિયસ કોર્પસની અરજી

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદનું ઈસ્કોન મંદિરમાં વિવાદમાં આવ્યું છે. ઈસ્કોન મંદિરમાં યુવાન દિકરીનું બ્રેઈનવોશ કરી ગોંધી રાખવામાં આવતી હોવાનો એક પિતા દ્વારા ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો. શહેરના મેઘાણીનગરમાં રહેતા નિવૃત્ત આર્મીમેન દ્વારા આ આક્ષેપ કરતા દિકરીને આ ચુંગલમાંથી છોડાવવા હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવી.આર્મીમેન પિતાએ કહ્યું કે તેમની પુત્રી અવાર-નવાર ઈસ્કોન મંદિરની મુલાકાત લે છે. દરમ્યાન તેની મુલાકાત ઈસ્કોનના પૂજારી સુંદરમામા સાથે થઈ. તેમની દિકરીએ સુંદરમામાને તેના ગુરુ બનાવ્યા. પરંતુ ધીરે-ધીરે મારી પુત્રી ઈસ્કોન મંદિરમાં વધુ સમય ગાળવા લાગી. પિતાએ કહ્યું કે જ્યારે મંદિરના સ્વામીઓ દ્વારા તેમને કહેવામાં આવ્યું કે તમારી પુત્રીના લગ્ન અમારા એક શિષ્ય સાથે કરી દો. ત્યારે તેમને આંચકો લાગ્યો હતો. તેઓ રાજપુરોહિત હોવાથી તેમણે અન્ય જાતિમાં તેમની દિકરીના લગ્ન કરવાની ના પાડતા તેમને ઈસ્કોન મંદિરના સ્વામીઓ તરફથી ધમકીઓ મળવા લાગી હતી.શ્રદ્ધાના સ્થળ સમાન ઈસ્કોન મંદિરમાં યુવાન દીકરીઓનું બ્રેઈન વોશ કરાતું હોવાનું એક પિતાએ આક્ષેપ કરતાં ફરી ભક્તિના નામે ચાલતા ધતિંગને લઈને ખોટી પ્રવૃત્તિઓ સામે આવી છે. નિવૃત્ત આર્મી ઓફિસરે કહ્યું કે તેમને બે દીકરા અને એક યુવાન દીકરી છે. યુવાન દિકરીને ભક્તિ વધુ પ્રિય હોવાથી તેઓ ઈસ્કોન મંદિર જતી હતી. જો કે તેમની દિકરીના લગ્ન તેમના શિષ્ય જોડે કરાવવાનો સ્વામીઓના આગ્રહ બાદ તેમણે દિકરીને મંદિર જવાની ના પાડી હતી. છતાં પણ સ્વામીઓના પ્રભાવમાં આવેલ દિકરી અમારું માનવાના બદલે તેમનું માની મથુરાના એક શિષ્ય ભાગી ગઈ. સ્વામીઓએ દિકરીને ભડકાવીને તેની પાસેથી ૨૩ તોલા સોનું અને ૩.૬૨ લાખ રૂપિયા રોકડા લઈને મથુરાના શિષ્ય સાથે ભગાડી દીધી. વધુમાં યુવાન દિકીરના પિતાએ ઈસ્કોન મંદિરના સ્વામીઓ પર આરોપ મૂક્યો કે તેઓ છોકરીને ફસાવી ગોપીઓ બનાવી મંદિરમાં ગોંધી રાખે છે અને પોતે પ્રભુ છે તેમ બતાવી તેમની જોડે રાસલીલા રચે છે.નિવૃત્ત આર્મી જવાને પ ત્રી પરત મેળવવા હાઈકોર્ટમાં એડવોકેટ પ્રેમેશ ગુર્જર મારફતે હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી છે.

## જામનગરના પરિવાર સાથે વૃન્દાવનના પ્રખ્યાત બાંકે બિહારી મંદિરમાં મારામારી મારી

। માહિતી બ્યુરો, જામનગર, તા.૨૫ ।

મથુરામાં આવેલ પ્રખ્યાત ઠાકુર બાંકે બિહારી મંદિરમાં દર્શન કરવા ગુજરાતના જામનગરને કડવો અનુભવ થયો હતો. ઠાકુર બાંકે બિહારી મંદિરમાં ગુજરાતના ભક્તો પર હુમલો કરાયો હતો. જામનગરથી આવેલા પરિવાર ચાર-પાંચ યુવકોએ ધક્કો મારીને માર માર્યો હતો. જેમાં પરિવારના એક વૃદ્ધ મહિલા ભક્ત બેભાન થઈ ગયા હતા. આ કેસમાં સ્થાનિક પોલીસે આરોપી યુવકની શોધખોળ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, બાંકે બિહારી મંદિરમાં દર્શન કરતા સમયે વૃદ્ધ મહિલાને ધક્કો લાગતા તેમના પુત્રએ કેટલાક લોકોને ટોક્યા હતા. જે બાદ ચારથી પાંચ યુવાનોએ જામનગરના શૈલેષ પરમાર અને તેમના માતા પ્રમિલાબેનને સાથે મારપીટ કરવાનું શરૂ કર્યું. જે બાદ પ્રમિલાબેન બેહોશ થઈ ગયા હતા. બાદમાં પોલીસ ત્યાં આવી અને માતા-પુત્રને મારપીટ કરનારની ચુંગાલમાંથી બચાવ્યા. આ બાદ વૃદ્ધાને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. મારપીટ કરનાર યુવાનોની તપાસ કરવામાં આવી રહી છે.ગુજરાતના જામનગરના પ્રમિલા બેન પરમાર પુત્ર શૈલેષ પરમાર સાથે બાંકે બિહારી મંદિરે દર્શન માટે આવ્યા હતા. તેઓ મંદિરમાં દર્શન કરી રહ્યા હતા ત્યારે એક યુવક ધક્કો મારતો ત્યાં આવ્યો અને પ્રમિલાબેનના પુત્રએ તેને અટકાવ્યો.









## તંત્રી લેખ..

# ડોકલામને લઈને પણ ભારત-ચીન સંબંધોમાં કડવાશ જોવા મળશે

ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગે ડોકલામને લઈને જે નિવેદન આપ્યું છે તેનાથી ભવિષ્યમાં ભારત અને ચીન વચ્ચે તણાવ વધવાનું નક્કી માનવામાં આવે છે. તેમણે ડોકલામને ભારત, ભૂટાન અને ચીનનો પરસ્પર વિવાદ ગણાવીને ચીનને વિસ્તારવાદ માટે એક મોકો આપી દીધો છે. માન્યું કે ડોકલામ ભૂટાનમાં છે, પરંતુ તેની સુરક્ષાનું દાયિત્વ ભારતનું છે. ૨૦૧૭માં ડોકલામને લઈને ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. એના પર તણાવ લગભગ બે મહિનાથી વધુ સમય સુધી ચાલ્યો હતો. લેહ-લદાખ અને અરુણાચલને લઈને આ દિવસોમાં ભારત-ચીન સંબંધોમાં તણાવ ચાલુ છે. હવે ડોકલામને લઈને પણ ભારત-ચીન સંબંધોમાં કડવાશ જોવા મળશે. ભૂટાનના વડાપ્રધાનનું આ નિવેદન કેમ અને કોના ઈશારે આવ્યું તે તપાસનો વિષય છે. ડોકલામની સુરક્ષા એટલે કે પૂર્વોત્તર ભારતની સુરક્ષા, કારણ કે પૂર્વોત્તર ભારતના આઠ રાજ્યો સિલિગુડી પાસે એક પાતળા કોરિડોર સાથે જોડાયેલ છે. આ કોરિડોરની પહોળાઈ માત્ર ૨૨ કિલોમીટર છે, જેને ‘ચિકન નેક’ કહેવામાં આવે છે. સિલિગુડીથી ડોકલામનું અંતર માત્ર ૮૦ કિલોમીટર છે. દેશ વિભાજન સમયે જ્યાં મુસલમાનો બહુમતીમાં હતા, તે વિસ્તારો ભારતથી કપાઈ ગયા, પરંતુ બંગાળનું મુર્શિદાબાદ એટલે ભારતમાં રહી ગયું, કારણ કે જો તે પૂર્વ પાકિસ્તાનમાં ચાલ્યું જાત તો બંગાળના માલદા, પશ્ચિમ દિનાજપુર, જલપાઈગુડી, દાર્જિલિંગ અને કૂચબિહાર જિલ્લા ન માત્ર બંગાળથી કપાઈ જતા, બલ્કે પૂર્વોત્તર ભારત પણ ભારતથી કપાઈ જાત, કારણ કે પૂર્વોત્તર ભારતનું પ્રવેશદ્વાર સિલિગુડી/જલપાઈગુડી જ છે. ભવિષ્યમાં ભારતને ચીનથી પેદા થનારા ખતરાને ધ્યાનમાં રાખીને અત્યારથી જ આપણી તૈયારી શરૂ કરી દેવી જોઈએ, કારણ કે ડોકલામ તણાવ એટલે કે ચિકન નેક પર તણાવ. બંગાળ, બિહાર અને ઝારખંડથી રેલવે અને સડક માર્ગે સિલિગુડી/જલપાઈગુડી થઈને જ પૂર્વોત્તરનાં રાજ્યો - સિક્કિમ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં જવાય છે. બંગાળના મુર્શિદાબાદ, માલદા અને ઉત્તર દિનાજપુર, બિહારના કિશનગંજ, પુર્ણિયા તથા કટિહાર અને ઝારખંડના સાહિબગંજ અને પાકુડ જિલ્લામાંથી ચાર જિલ્લા મુસ્લિમ બહુમતી જિલ્લા છે અને બાકી ચાર પર પણ ઈસ્લામિક વિસ્તારવાદનો ખતરો વધી રહ્યો છે. આ ક્ષેત્રની જનસંખ્યામાં યોજનાબદ્ધ રીતે પરિવર્તન કરવામાં આવી રહ્યું છે. ૧૯૫૧થી ૨૦૧૧ વચ્ચે રાષ્ટ્રીય સ્તર પર મુસ્લિમ આબાદીમાં ૪.૩૧ ટકા તથા મુર્શિદાબાદમાં ૧૧.૦૨ ટકા વધી. ૧૯૫૧માં માલદામાં મુસ્લિમ જનસંખ્યા ૩૬.૯૭ ટકા હતી જે ૨૦૧૧માં વધીને ૫૧.૨૭ ટકા થઈ ગઈ. દિનાજપુરમાં પણ ૧૯૫૧માં મુસ્લિમ જનસંખ્યા ૨૯.૯૩ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૪૦.૮૬ ટકા થઈ ગઈ. દિનાજપુર હવે બે જિલ્લા - ઉત્તર દિનાજપુર અને દક્ષિણ દિનાજપુરમાં વહેંચાઈ ગયું છે. ઉત્તર દિનાજપુર જિલ્લો લગભગ મુસ્લિમ બહુમતી જિલ્લો થઈ ગયો છે.

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે



દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઇ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઇ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઇ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે. હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઇ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઇ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે.

આરોગ્ય માટે કઇ ચીજ ખાવી જોઇએ અને કઇ નહી તેને લઇને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઇ રીતે ચેડા થઇ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઇ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે. પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઇંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઇંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઇ જાય છે. ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઇને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઇને કોઇ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઇ વ્યક્તિ માંસાહરી છે અને કઇ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતી આવી બની ગઇ છે કે અમે કોઇ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઇ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઇ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઇંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતીમાં ઇંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઇ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.



## બાળકોને તેની માનસિક ક્ષમતા મુજબ જ્ઞાન આપવાની જરૂર છે...

**હાલના દિવસોમાં ફરી એકવાર સ્કુલી શિક્ષણમાં લાગુ કરવામાં આવેલા કોન્ટિન્યુઅસ એન્ડ કોમ્પ્રેહેન્સિવ ઇવેલ્યુશન પ્રણાલી હેઠળ અભ્યાસની તુલના વાર્ષિક પરીક્ષા પદ્ધિતી સાથે કરવામાં આવી રહી છે ખાસ કરીને દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષાની અનિવાર્યતાને લઇને તર્ક વિતર્ક ચાલી રહ્યા છે**

# બાળકોને ટેન્શનફ્રી શિક્ષણ આપવામાં આવે તે જરૂરી

**સ્કુલી શિક્ષણમાં સતત મુલ્યાંકન પ્રણાલી યોગ્ય છે કે પછી વાર્ષિક પરીક્ષા પ્રણાલી તે વિષય પર તર્ક અને ચર્ચા થઇ શકે : બાળકો પર ધ્યાન જરૂરી**

સ્કુલી શિક્ષણમાં સતત મુલ્યાંકન પ્રણાલી યોગ્ય છે કે પછી વાર્ષિક પરીક્ષા પ્રણાલી યોગ્ય છે તે વિષય પર તર્ક વિતર્ક અને લાંબી ચર્ચા થઇ શકે છેપરંતુ યોગ્ય રીતે તો બાળકોને ટેન્શનફ્રી શિક્ષણ આપવામાં આવે તે જરૂરી છે. આ બાબતને જ પ્રાથમિકતા સાથે હાથ ધરવી જોઇએ. પાઠ્યક્રમ પણ એવા તૈયાર કરવા જોઇએ જે દરેક બાળકને તેની માનસિક ક્ષમતા મુજબ જ્ઞાન આપીને તેના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થઇ શકે. હાલના દિવસોમાં ફરી એકવાર સ્કુલી શિક્ષણમાં લાગુ કરવામાં આવેલા કોન્ટિન્યુઅસ એન્ડ કોમ્પ્રેહેન્સિવ ઇવેલ્યુશન પ્રણાલી હેઠળ અભ્યાસની તુલના વાર્ષિક પરીક્ષા પદ્ધિતી સાથે કરવામાં આવી રહી છે. ખાસ કરીને દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષાની અનિવાર્યતાને લઇને તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે દસમાં ધોરણની વાર્ષિક પરીક્ષા ફરજિયાત કરવાના ખાસ લાભ તો દુરની વાત છે. આના કારણે બાળકોમાં ટેન્શન સર્જાઇ જશે. એવુ વિચારનાર લોકોનુ એમ પણ કહેવુ છે કે જો પ્રારંભિક પરીક્ષાઓને સીસીઇને દુર કરીને વાર્ષિક પરીક્ષા પ્રણાલી લાગુ કરવામાં આવશે તો દરેક બાળકને શિક્ષણના અધિકાર હેઠળ મળતી બાળક કેન્દ્રિત પ્રારંભિક શિક્ષણમાં તકલીફ આવી શકે છે. પરીક્ષા પ્રણાલીમાં એક તકલીફ એ



પણ રહેલી છે કે તે સિખવાની ઇચ્છાશક્તિ આડે તકલીફ ઉભી કરે છે. તે સમજવાના સ્તરને નીચે પાડે છે. પરંતુ જે લોકો સીસીઇ પ્રણાલીના બદલે વાર્ષિક પરીક્ષા પ્રણાલી લાગુ કરવાની તરફેણ કરે છે તે લોકોના જુદા અભિપ્રાય રહેલા છે. તેમના આ તર્કને ફગાવી શકાય નહી કે વાર્ષિક પરીક્ષા પ્રણાલી વગર બાળકો આગામી ક્લાસમાં કોઇ તૈયારી વગર અને અડધી તૈયારીની સાથે જ પહોંચી જાય છે. તૈયારી વગર આગામી ક્લાસમાં પહોંચી જનાર માટે વાર્ષિક પરીક્ષા નિયંત્રણઁનુ કામ કરે છે. આ વ્યવસ્થા સંપૂર્ણપણે અસરકારક તો નથી પરંતુ એક મર્યાદિત ઉપાય તરીકે તો કામ કરે છે. અલબત્ત આ બાબતેન નકારી શકાય નહી કે પરીક્ષા બાળકો માટે ટેન્શન ઉભા કરે છે. પરીક્ષા બાળકોને આત્મહત્યા કરવા તરફ પણ પ્રેરે છે. સારી બાબત એ છે કે સારી રીતે શિખવા માટે અભ્યાસ પ્રત્યે ગંભીર હોવાની બાબત જરૂરી છે. જો સીસીઇ પ્રણાલી લાગુ કરવામાં શિક્ષકો ગંભીરરીતે કામ કરી રહ્યા છે તો તેને એક સારા વિકલ્પ તરીકે ગણી શકાય છે. વાસ્તવમાં આ ટેન્શનવાળા તર્ક ભાવના સુધી જ કેન્દ્રિત રહે છે. તે અભ્યાસને વધારે ઉંડાણ સાથે શિખવા માટે પ્રેરિત કરતા નથી. કેટલાક લોકો તો એવા તર્ક પણ આપી શકે છે કે ટેન્શનની સ્થિતીપરીક્ષાન કારણે નહી બલ્કે બાળક પર પરિવારના કારણે આવે છે. બાળક પર પરિવારના દબાણ અને સામાજિક સ્પર્ધાના કારણે પણ ટેન્સનની સ્થિતી સર્જાઇ જાય છે. જ્યા સુધી પરીક્ષા બાદ બનનાર મેરિટથી સામાજિક પ્રતિષ્ઠાની ઘેરાઇને જોડીને જોવામાં આવશે ત્યાં સુધી અબિભાવક પોતાની અધુરી રહેલી મહત્વકાંક્ષીને બાળક પર ટેન્શન તરીકે નાંખતા રહેશે. પાઠ્યક્રમને મનૌવિજ્ઞાન સાથે જોડવાનો મતલબ એ છે કે આજે સ્વીકૃત માનવ જ્ઞાન બાળકના અનુભવના હિસ્સા તરીકે રહે તે જરૂરી છે. શિક્ષણની બાબત તમામ માટે ઉપયોગી રહે તે પણ જરૂરી છે. બાળકના વિકાસ માટે શુ જરૂરી છે અને તેને કઇ રીતે કયા વિષયમાં રસ સાથે આગળ વધારી શકાય છે તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય છે. આના માટે શિક્ષકને પણ કેટલીક સ્વતંત્રતા, હળવા વલણ અને ખાસ નિર્ણયોની જરૂર રહે છે. જેથી તે બાળકના દિમાંગ મુજબ કામ કરે. બાળકની ક્ષમતા મુજબ શિક્ષણ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અમારે ત્યાં સ્કુલોમાં પણ આવા વાતાવરણ હોતા નથી. અમે વર્ષમાં વિભાજિત પાઠ્યક્રમ, શ્રેણી આધારિત સ્કુલ અને વાર્ષિક આગળ વધવા સાથે સંબંધિત શિક્ષણ આપીએ છીએ. બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ વ્યવસ્થા અમલી બને તે જરૂરી છે. શિક્ષણના સુધારા પર ધ્યાન આપવાની દિશામાં પહેલ થઇ રહી છે



## જ્યારે સેલ્સ ડાઉન થાય ત્યારે હિમ્મત રાખીને આગળ વધવાની જરૂર

**સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે કારણ કે તે કોઇની આજીવિકાના સાધન તરીકે હોય છે જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી**

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

**જો ખરેખર તમે સંઘર્ષ કરી રહ્યા છો તો કોઇ વ્યક્તિની અથવા તો સંબંધીની મદદ ચોક્કસપણે લેવી જોઇએ : સફળતા માઇન્ડસેટની વાત**

આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઇને કોઇ ક્ષેત્રમાં મંદીને જોઇ શકાય છે. કોઇ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઇએ તેને લઇને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઇ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઇને કોઇ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઇની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઇ પર લઇ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઇ જાય છે. સાથે સાથે




મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઇન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્ધેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઇ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઇએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઇશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઇરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઇની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઇ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે. કારણ આમાંથી જવાબ નિકળીને આવે છે. ખુબ ઓછા એન્ટરપ્રેન્યોર આ બાબત જાણે છે કે સવાલ નવા મોટા વેન્ચર શરૂ કરવાના સૌથી મોટા મનાધ્યમ તરીકે હોય છે. જો તમે કોઇ મોટા કારોબારની શરૂઆત કરવા માટે ઇચ્છુક છો તો સૌથી સારી બાબત સારા વિચાર સપાટી પર પહેલા આવે તે જરૂરી છે. કોઇ નવા આઇડિયા બિઝનેસને નવી ઉચી સપાટી પર લઇને જઇ શકે છે. કેરિયરને આગામી લેવલ સુધી લઇ જવામાં પણ આઇડિયાની ચાવીરૂપ ભૂમિકા હોય છે. પ્રશ્નો કરવાથી કઇ વ્યક્તિ પાસેથી ક્યારે યોગ્ય આઇડિયા મળી જાય તે કહેવાય નહી. એક સારા આઇડિયા પર શાનદાર બિઝનેસની શરૂઆત કરી શકાય છે. ફોલોઅપ સવાલની સાથે સારી બાબત એ છે કે આના માટે ખુબ વધારે તૈયારીની જરૂર હોય છે. તે એ જ વખતની વાતચીત પર આધારિત હોય છે. જેથી તમામ વાતચીતને ખુબ ગંભીરતા સાથે સાંભળવામાં આવે તે જરૂરી છે. વાતચીત ધ્યાનથી સાંભળી લીધા બાદ જ પ્રશ્ન કરવા જોઇએ. પ્રશ્ન પુછતી વેળા નર્વસનેસ આવી શકે છે પરંતુ આ પ્રકારની બાબત દર્શાવવી જોઇએ નહી. જ્યારે સવાલ કેજ્યુઅલ મેનરમાં કરવામાં આવે છે ત્યારે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે. .



## ખાવા પીવાની ખોટી ટેવના કારણે બિમારીઓ લોકોમાં વધી રહી છે

**સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઇલ પર બેઠા રહે છે અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે**

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

**જંક ફુડમાં પ્રોસેસ્ડ ચીજ વધારે પ્રમાણમાં હોય છે : આ ઉપરાંત ફેટનુ પ્રમાણ વધારે હોય છે : જંક ફુડમાં કેલોરી વધુ હોય છે જે જોખમી છે**

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઇ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઇ રહેલી લાઇફસ્ટાઇલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઇ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં



એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઇ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઇ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઇલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


CMYK

### ફરાહ ખાન આ વખતે માસ્ટરશેફને હોસ્ટ કરે તેવી શક્યતા

# માસ્ટરશેફ ઈન્ડિયામાં તેજસ્વી પ્રકાશ, એન્ટ્રી થશે



માસ્ટર શેફ શો દેશના કૂકિંગમાં રસ ધરાવતા અને કૂકિંગની દુનિયામાં કેરિઅર બનાવવા માગતા લોકો માટેનો એક રિયાલિટી શો છે. તેમાંથી ઘણા નાના શહેરના અને નાના પરિવારમાંથી આવતા લોકો માસ્ટરશેફ બન્યા છે. આ શોના જજ જાણીતા શેફ હોય છે, પરંતુ આ વખતે આ શોમાં ટીવીના જાણીતા ચહેરા જોવા મળશે તેવી ચર્ચા છે. આ વખથે આ શોમાં એક નવો ટ્વીસ્ટ આવશે તેવી ચર્ચા છે, જેમાં ટીવી સિરીયલની જાણીતી અભિનેત્રી દિપિકા કક્કર, તેજસ્વી પ્રકાશ અને ગૌરવ ખન્ના પણ કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળશે. તેમજ ફરાહ ખાન આ શોને હોસ્ટ કરશે તેવી ચર્ચા છે. કેટલાંક અહેવાલો અનુસાર આ શોના મેકર્સ દ્વારા કેટલાંક હોમકૂક્સ સાથે શરૂઆતના રાઉન્ડનું શૂટિંગ થઈ ચૂક્યું છે. આ વખતના શોની સ્પર્ધામાં નવીનતા લાવવા માટે તેમાં તેજસ્વી પ્રકાશ, ગૌરવ ખન્ના, દિપિકા કક્કર, રાજીવ અદાતિયા, ચંદન પ્રભાકર અને ઉશા નાડકરની જેવા કલાકારોને ફાઈનલ કરવામાં આવ્યા છે. એવી ચર્ચા છે કે આ કલાકારો સાથે શોના પ્રમોશનના વીડિયો શૂટ કરવાની તૈયારી મુંબઈમાં ચાલી રહી છે. દિપિકાએ તાજેતરમાં એક વ્લોગ પણ શેર કર્યો હતો, જેમાં તે મેકઅપ રૂમમાં બેઠી છે અને પોતાના આવનારા શો અંગે હિંટ આપી રહી હતી. જોકે, તેણે શો અંગે કોઈ સ્પષ્ટતા કરી નહોતી.

# વિક્રાંત મેસીએ તેની 'નિવૃત્તિ' પોસ્ટ પર મૌન તોડ્યું

### વધુ પડતું અંગ્રેજી લખાઈ ગયું



વિક્રાંત મેસીએ તાજેતરમાં તેની એક સોશિયલ મીડિયા પોસ્ટથી મૂંઝવણ ઊભી કરી હતી. વાસ્તવમાં, અભિનેતાએ તેની પોસ્ટમાં લખ્યું હતું કે તે ૨૦૨૫માં અભિનયમાંથી બ્રેક લઈ રહ્યો છે, જેના કારણે કેટલાક ચાહકો સમજી ગયા કે તે સંન્યાસ લઈ રહ્યો છે. જોકે, વિક્રાંતે આ બધી ગેરસમજ વિશે વાત કરી અને પોતાના નિવેદન પર સ્પષ્ટતા પણ આપી.એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું, ''મેં વિચાર્યું ન હતું કે જીવનમાં આ બધું થશે. હું ૧૨મી ફેલમાં પાસ થયો, અને મારા કામની ખૂબ પ્રશંસા થઈ. મારું સપનું જીવનમાં ફિલ્મફેર મેળવવાનું હતું, તે પણ મને મળ્યું. વિક્રાંતે જણાવ્યું હતું કે, ખાસ કરીને મધ્યમ વર્ગની પૃષ્ઠભૂમિમાંથી આવતા વ્યક્તિ તરીકે તેમને જે ઓળખ મળી છે તેના માટે તે ખૂબ જ આભારી છે. તેમણે કહ્યું, ''મધ્યમ-વર્ગીય પરિવારના વ્યક્તિ માટે, વડા પ્રધાનને મળવું, તેમને અને સમગ્ર કેબિનેટને ફિલ્મ જોવી એ મારા માટે ઘણું અર્થ છે, તે પહેલેથી જ એક મોટી ઉપલબ્ધિ છે.''વિક્રાંતે તેની કારકિર્દી પર પડેલી ભાવનાત્મક અને શારીરિક અસર વિશે ખુલીને વાત કરી. ''શારીરિક રીતે, હું થાકી ગયો છું,'' તેણે સ્વીકાર્યું. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે અંગ્રેજીમાં લખેલી તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં થોડી મૂંઝવણ ઊભી થઈ છે. તેમણે કહ્યું, ''મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે વડાપ્રધાન એક એવી ફિલ્મ જોવા જઈ રહ્યા છે જે મારા હૃદયની ખૂબ નજીક છે, અને મેં વિચાર્યું કે અહીંથી જ વસ્તુઓ સારી થઈ શકે છે.

# પુષ્પા ૨નો બુખાર બીજા સપ્તાહે પણ બરકરાર રહ્યો

### અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે




અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે. શાનદાર કલેક્શન સાથે, હવે ફિલ્મ આરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે.'પુષ્પા ૨: ધ રૂલ'ની ગતિ બોક્સ ઓફિસ પર અટકવાના કોઈ સંકેત દેખાડી રહી નથી. આ ફિલ્મ ૫મી ડિસેમ્બરે સ્ક્રીન પર રિલીઝ થયાને ૯ દિવસ થઈ ગયા છે. અલ્લુ અર્જુનની ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે અને દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે.અહેવાલ મુજબ, 'પુષ્પા ૨: ધ રૂલ'એ બોક્સ ઓફિસ પર ૧૭૪.૯૫ કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી. શાનદાર દૈનિક કમાણી સાથે, ફિલ્મે ૫હેલા અઠવાડિયામાં ૭૨૫.૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે બીજા સપ્તાહમાં પણ ફિલ્મ જોરદાર કમાણી કરી રહી છે. નવમા દિવસે 'પુષ્પા ૨: ધ રૂલ' એ કુલ ૩૬.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.'પુષ્પા ૨: ધ રૂલ' આરઆરઆરને હરાવી દેશે?અલ્લુ અર્જુનની ફિલ્મે હવે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૭૬૨.૧ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. હવે આ ફિલ્મઆરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે જેણે ભારતમાં કુલ રૂ. ૭૮૨.૨ કરોડની કમાણી કરી હતી. હાલમાં, 'પુષ્પા ૨: ધ રૂલ' ભારતની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, તે આરઆરઆરને પાછળ છોડીને ત્રીજા નંબરે તેનું સ્થાન લેશે.

# રેપર-સિંગર બાદશાહને ગુરુગ્રામ પોલીસે ફટકાર્યો મોટો દંડ



રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણીપતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે.

# પતિ સાથે અંડર વોટર રોમાન્સ કરતી જોવા મળી એક્ટ્રેસ

### ફરી એક વખત એક્ટ્રેસ ચર્ચામાં આવી

બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે. હાલમાં જ શક્તિમાન ફેમ એક્ટર મુકેશ ખન્ના સાથેના વિવાદને કારણે સોનાક્ષી સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહી હતી.હવે ફરી એક વખત એક્ટ્રેસ ચર્ચામાં આવી છે અને આ વખતે તે પતિ ઝહિર ઈકબાલ સાથેના વેકેશન ફોટોને કારણે ચર્ચામાં છે. અહીંયા તમારી જાણ માટે કે ઝહિર અને સોનાક્ષીના લગ્નને હજી છ જ મહિના થયા છે અને બંને જણ અવારનવાર વેકેશન પર જતા હોય છે અને ત્યાંથી ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતાં રહે છે.સોનાક્ષી સિન્હા અને ઝહિર ઈકબાલે આ જ વર્ષે જૂન મહિનામાં લગ્ન કર્યા હતા અને લગ્ન થયા છે ત્યારથી આ કપલ એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરતું જોવા મળી રહ્યું છે. સોનાક્ષી અને ઝહિર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. બંને જણ સોશિયલ મીડિયા પર વેકેશનના ફોટો ફેન્સ સાથે શેર કરતાં રહે છે.સોનાક્ષીએ હાલમાં પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી વેકેશનના કેટલાક લેટેસ્ટ ફોટો શેર કર્યા છે. આ ફોટોમાં સોનાક્ષી અને ઝહિર સમુદ્રમાં અંડર વોટર રોમેન્ટિક થતા જોવા મળી રહ્યા છે. બંને જણે આ સમયે મેચિંગ સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેર્યા છે. આ કપલ સમુદ્રની વચ્ચોવચ્ચ બોટ પર સેલ્ફી લેતો જોવા મળી રહ્યો છે. બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે.બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે.



# બોલિવૂડ અભિનેતા વિવેક ઓબેરોયની લાઈફ સ્ટાઈલ આજે પણ સાદગીભરી

વિવેક ઓબેરોયે વર્ષ ૨૦૦૨માં ગેંગસ્ટર ફિલ્મ કંપની દ્વારા અભિનયની શરૂઆત કરી હતી. આ પછી તે સાથિયા, ક્રિશ ૩, મસ્તી, ઓમકારા અને દમ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો. જોકે, તેને શરૂઆતમાં જ સફળતા મળી હતી. તે અત્યારે ત્યાં નથી. તેમનો ૩૪૦૦ કરોડ રૂપિયાનો મની લેંડિંગ બિઝનેસ છે. હા, અભિનેતાએ પોતે મુંબઈમાં એક ઈવેન્ટમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે આજે તેનો સ્ટુડન્ટ લોન બિઝનેસ ૩૪૦૦ કરોડ રૂપિયાનો છે. ફ્રેન્ચાઈઝ ઈન્ડિયા યુટ્યુબ ચેનલ દ્વારા શેર કરવામાં આવેલા વિડિયોમાં, અભિનેતા કહે છે, મેં એક સ્ટાર્ટઅપ શરૂ કર્યું, જે શિક્ષણ ફીના નાણાં માટે હતું, તે પણ કોલેટરલ વિના. તે હવે ઘણો મોટો થઈ ગયો છે. અમે નેટવર્ક દ્વારા ૧૨૦૦૦ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને જોડ્યા છે.તે આગળ કહે છે, પરંતુ પછી અમે ગ્રાહક સાથે જોડાયા અને તે ડેટા અમારી પાસે રાખ્યો. અમે અમારા ગ્રાહકોને સીધા જ ઓળખ્યા, તેઓ ૪૫ લાખ લોકો હતા જેઓ શાળા કે કોલેજ જતા હતા.આ ખૂબ જ સારો ડેટા હતો, અને આ રીતે કંપનીનું મૂલ્ય લગભગ ઈ૪૦૦ મિલિયન (અંદાજે રૂ. ૩,૪૦૦ કરોડ) વધી ગયું છે.વિવેક ઓબેરોયે તેમના વ્યવસાયની સફળતાનો શ્રેય ધ્યાન આકર્ષિત કરવા માટે તેમની વ્યક્તિગત બ્રાન્ડના સ્માર્ટ ઉપયોગને આપ્યો.



# સલમાને લોંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યું : ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં 'વીર' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લોંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કેફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે 'વીર' પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કેફ સાથે થાય છે. તેણે કહ્યું,''મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.'' જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કેરિઅર પર મોટું બૅકફાયર થયું. આ જ પોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યું કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક ''ખોવાયેલાં બાળક'' જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,''હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લોંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.'' ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ.



# કામઢી રાધિકા : માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી

### અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે

ન્યુ બોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે.મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.





જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડ.. દરેક જગ્યાએ હિમવર્ષા, ડિસેમ્બરમાં કડકડતી ઠંડીને કારણે લોકો થરથરી ગયા. દેશના વિવિધ રાજ્યોમાં ભારે ઠંડીનો પ્રકોર ચાલુ રહ્યું છે રસ્તાઓ પર સતત હિમવર્ષા ચાલુ છે. ઘણી જગ્યાએ તાપમાન માઈનસ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ અચાનક વધી ગયો છે. દિલ્હીથી પટના અને જયપુરથી લખનૌ સુધી ઠંડીએ લોકોને ધ્રૂજાવી દીધા છે. ડિસેમ્બરમાં ક્રિસમસ અને નવા વર્ષ પહેલા પણ ઠંડી રેકોર્ડ તોડવાની અણી પર છે.દિલ્હી સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં આકરો શિયાળો છે. સવારે દિલ્હી અને નોઈડા સહિત એનસીઆરમાં ધુમ્મસનું પાતળું પડ હતું. દિલ્હીના ઈન્ડિયા ગેટ પર લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઝરમર વરસાદને કારણે આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસ જોવા મળી શકે છે.

## ન્યૂઝ બ્રિફ



### રણબીર કપૂર-આલિયા ભટ્ટે ગઈ કાલે મહેશ ભટ્ટના ઘરે ક્રિસમસની ઉજવણી કરી હતી

### સાંતા શિલ્પા શેટ્ટીના ઘરે આવ્યો,બાળકો વિયાન અને સમિષા સાથે ઉજવ્યો સેલિબ્રેશન

। મુંબઇ, તા.૨૫ ।

રણબીર કપૂર-આલિયા ભટ્ટે ગઈ કાલે મહેશ ભટ્ટના ઘરે ક્રિસમસની ઉજવણી કરી હતી. બોલિવૂડના તમામ સ્ટાર્સ પોતપોતાની શૈલીમાં આ તહેવારની ઉજવણી કરી રહ્યા છે. દરમિયાન, શિલ્પા શેટ્ટીએ પણ તેના ઘરે ક્રિસમસ સેલિબ્રેશનની ઝલક ચાહકો સાથે શેર કરી છે. શિલ્પા શેટ્ટીએ તેના બે બાળકો વિયાન અને સમિષા સાથે ક્રિસમસની ઉજવણી કરી, જેની એક ઝલક તેણે ચાહકોને બતાવી. શિલ્પાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે પોતાના બાળકોને જબરદસ્ત સરપ્રાઈઝ આપતી જોઈ શકાય છે.આ વખતે સિક્રેટ સાન્ટા પણ શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાના ઘરે આવ્યો હતો, તે પણ ઘણી બધી ભેટો સાથે. સાન્તાક્લોઝ ઘરમાં પ્રવેશતાની સાથે જ શિલ્પાના બંને બાળકો તેને જોઈને ઉત્સાહિત થઈ જાય છે અને સમિષાની ખુશીનો કોઈ પાર નથી.



### વિરાટ કોહલીની નજર સચિનના શાનદાર રેકોર્ડ પર

। બ્રિસ્બેન, તા.૨૫ ।

બ્રિસ્બેનમાં ત્રીજી ટેસ્ટમાં ભારતે ડ્રો હાંસલ કર્યા બાદ શ્રેણી હાલમાં ૧-૧ની બરાબરી પર છે. બોક્સિંગ ડે ટેસ્ટ ૨૬મી ડિસેમ્બરે પ્રતિષ્ઠિત મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શરૂ થશે. ભારતીય ચાહકો વિરાટ કોહલી પર નજર રાખતા જ હશે કારણ કે વિરાટે પર્થ ટેસ્ટની બીજી ઈનિંગમાં સદી ફટકારીને ફોર્મમાં પાછા ફરવાના સંકેત આપ્યા હતા, પરંતુ ત્યાર બાદ છેલ્લી બે ટેસ્ટ મેચમાં વિરાટનું બેટ શાંત રહ્યું હતું.મેલબોર્નમાં વિરાટ કોહલીનો રેકોર્ડ સારો રહ્યો છે જેના કારણે ટીમ ઈન્ડિયા તેની પાસેથી મોટી ઈનિંગ્સની આશા રાખશે. કોહલીએ અહીં અત્યાર સુધી ત્રણ મેચ રમી છે અને ત્રણ ટેસ્ટ મેચમાં એક સદી સાથે કુલ ૩૧૬ રન બનાવ્યા છે. કોહલી હવે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈતિહાસ રચવાની નજીક છે અને તે આ મેચમાં મહાન સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડી શકે છે.મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટેસ્ટ ફોર્મેટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે.

## સલમાનને હવે રિતિક રોશનનો સહારો, ટાઈગર અને કબીર સ્ક્રીન પર સાથે જોવા મળશે!



। મુંબઇ, તા.૨૫ ।

સલમાન ખાન અને રિતિક રોશન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે સૌથી મોટા અને તેજસ્વી સ્ટાર્સ છે. બંને દાયકાઓથી ઘણા હિટ પ્રોજેક્ટ્સનો ભાગ રહ્યા છે, પરંતુ તેમને ક્યારેય સ્ક્રીન શેર કરવાની તક મળી નથી. જો કે, હવે એવું લાગે છે કે દર્શકોને બંને કલાકારોને એક પ્રોજેક્ટમાં સ્ક્રીન પર એકસાથે જોવાની તક મળી શકે છે અને તેને સરળ બનાવવા પાછળ અલી અબ્બાસ ઝફરનો હાથ છે.હૃતિક રોશને તેના પિતા રાકેશ રોશન દ્વારા નિર્દેશિત ૧૯૯૫માં સલમાન ખાન અને શાહરૂખ ખાનની ફિલ્મ કરણ અર્જુનમાં સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું હતું. 'કહો ના પ્યાર હૈ' સાથે તેની અભિનય કારકિર્દી શરૂ કરતા પહેલા, તેણે સલમાન સાથે તાલીમ પણ લીધી હતી, પરંતુ સદનસીબે તેઓએ ક્યારેય પડદા પર સાથે કામ કર્યું.

## તાલિબાન ગભરાયા

## પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કરતા ૧૫ લોકોના મોત

### ૨૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની હુમલામાં લમન સહિત સાત ગામોને નિશાન બનાવવામાં આવ્યા હતા

। કાબુલ, તા.૨૫ ।

પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં હવાઈ હુમલો કર્યો, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા. મૃત્યુઆંક વધવાની આશંકા છે. ખામા પ્રેસના અહેવાલ મુજબ, ૨૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની હુમલામાં લમન સહિત સાત ગામોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યાં એક જ પરિવારના પાંચ સભ્યો માર્યા ગયા હતા. સ્થાનિક સૂત્રોએ દાવો કર્યો છે કે બોમ્બ ધડાકા માટે પાકિસ્તાની જેટ જવાબદાર હતા. અહેવાલો દર્શાવે છે કે બરમાલનું મુર્ગ બજાર ગામ સંપૂર્ણપણે નાશ પામ્યું છે, હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા છે.ખામા પ્રેસે અહેવાલ આપ્યો કે હવાઈ હુમલાની તપાસ કરવામાં આવી રહી છે અને તેની પુષ્ટિ કરવા અને હુમલાની જવાબદારી સ્પષ્ટ કરવા માટે વધુ તપાસની જરૂર છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે પક્તિકાના બર્મલ પર હવાઈ હુમલા બાદ જવાબી કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મંત્રાલયે કહ્યું કે તેમની જમીન અને સાર્વભૌમત્વની રક્ષા કરવાનો તેમનો કાયદેસરનો અધિકાર છે, અને હુમલાની નિંદા કરી, અને દાવો કર્યો કે "વઝીરિસ્તાની શરણાર્થીઓ" નિશાન બનાવવામાં આવ્યા હતા.પાકિસ્તાની અધિકારીઓએ સત્તાવાર રીતે હવાઈ હુમલાની પુષ્ટિ કરી નથી, પરંતુ સૈન્યની નજીકના સુરક્ષા સૂત્રોએ સૂચવ્યું હતું કે હડતાલ સરહદ નજીક તાલિબાન સ્થાનોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવી હતી. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ હવાઈ હુમલો થયો છે.

### મોઝામ્બિકની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયથી દેશમાં ખળભળાટ મચી

## મોઝામ્બિકમાં હિંસા ફાટી નીકળી । હિંસામાં મૃત્યુઆંક ૧૫૦ પર પહોંચી ગયો । ૨૧ના મોત

### કોર્ટે ૯ ઓક્ટોબરે યોજાયેલી વિવાદિત ચૂંટણીમાં સત્તાધારી ફ્રેલિમો પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડેનિયલ ચાપોને વિજેતા જાહેર કર્યા બાદ ત્યાં હિંસા ફાટી નીકળી હતી

। માપુટો, તા.૨૫ ।

મોઝામ્બિકની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયથી દેશમાં ખળભળાટ મચી ગયો છે. દેશની સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો કે હિંસા ફાટી નીકળી. જેમાં ૨૧ લોકોના મોત થયા હતા. આનાથી મોઝામ્બિક હિંસામાં મૃત્યુઆંક ૧૫૦ પર પહોંચી ગયો છે. તમને જણાવી દઈએ કે કોર્ટે ૯ ઓક્ટોબરે યોજાયેલી વિવાદિત ચૂંટણીમાં સત્તાધારી ફ્રેલિમો પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડેનિયલ ચાપોને વિજેતા જાહેર કર્યા બાદ ત્યાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં બે પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા હતા. માર્યા ગયા. અધિકારીઓએ મંગળવારે આ માહિતી આપી.

મોઝામ્બિકના ગૃહ પ્રધાન પાસ્કોલ રોન્ડાએ મોડી રાત્રે માપુટોમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું



હતું કે હિંસા અને લૂંટફાટ એક દિવસ પહેલા કોર્ટની જાહેરાત પછી શરૂ થઈ હતી. તેમણે કહ્યું કે ચાપોના નજીકના હરીફ અને હારેલા ઉમેદવાર વેનાન્સિયો મોન્ડલેનના યુવા સમર્થકોએ હિંસાનું નેતૃત્વ કર્યું હતું. આ ચૂંટણીમાં ચાપોને ૬૫ ટકા વોટ મળ્યા જ્યારે મોંડલેનને માત્ર ૨૪ ટકા વોટ મળ્યા. રોન્ડાએ કહ્યું, "પ્રારંભિક સર્વેક્ષણ દર્શાવે છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં હિંસાની ૨૩૬ ઘટનાઓ નોંધવામાં આવી છે.

તેમણે કહ્યું કે ૧૩ નાગરિકો અને ૧૨ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે. રોંડાએ જણાવ્યું હતું કે પોલીસના બે વાહનો સહિત કુલ ૨૫ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. તેમણે કહ્યું કે ૧૧ પોલીસ ચોકીઓ અને જેલ પર હુમલો કરવામાં આવ્યો અને તોડફોડ કરવામાં આવી અને ૮૬ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા. મોન્ડલેને શુક્રવારથી બંધનું એલાન કર્યું છે, પરંતુ દેશમાં હિંસા પહેલાથી જ વધી ગઈ છે અને મંગળવારે રાત્રે રાજધાનીમાં સ્થિતિ તંગ રહી હતી. દેશની ચૂંટણી સંસ્થાએ પ્રારંભિક પરિણામો જાહેર કર્યા બાદ મતદાન પછીની હિંસામાં મૃત્યુઆંક ૧૫૦ને વટાવી ગયો છે. મોઝામ્બિકની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયથી દેશમાં ખળભળાટ મચી ગયો છે.

## રાજસ્થાનના કરૌલીમાં બસ સાથે અથડામણ બાદ કાર ઉડી

। જયપુર, તા.૨૫ ।

રાજસ્થાનના કરૌલી જિલ્લામાં મંગળવારે રાત્રે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો. ખાનગી બસ અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ છે. આ દુર્ઘટનામાં કારમાં સવાર પાંચ લોકોના મોત થયા છે, જ્યારે બસમાં સવાર ૧૫ મુસાફરો પણ ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.અકસ્માત એટલો ગંભીર હતો કે કાર અને બસના ટુકડા થઈ ગયા હતા. આ અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ડીએમ નીલાભ સક્સેના, એસપી બ્રિજેશ જ્યોતિ ઉપાધ્યાય અને એએસપી ગુમનારામ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કાર અને બસમાં ફસાયેલા લોકોને બચાવ્યા અને જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા. ઘાયલોમાં કેટલાકની હાલત નાજુક હોવાનું કહેવાય છે.મૃતકોમાં પતિ, પત્ની, પુત્ર-પુત્રી અને મહિલા સંબંધીનો સમાવેશ થાય છે. મૃતકની કારમાંથી મળેલા આધાર કાર્ડ પરથી તમામની ઓળખ થઈ છે. મૃતકોમાં નયન કુમાર દેશમુખ,અનિતા (પત્ની),મનસ્વી (પુત્રી),ખુશદેવ (પુત્ર) પ્રીતિ ભટ્ટ (સંબંધી)નો સમાવેશ થાય છે.

## સેક્સ પિલ ખાઈને ૭ કલાક શરીરસુખ માણવાના ચક્કરમાં પ્રેમિકાનું મોત

। કાનપુર, તા.૨૫ ।

યુપીના કાનપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક યુવકે સેક્સવર્ધક દવા ખાઈને કિશોરી સાથે બે વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન સાત કલાક સુધી નગ્ન રાખવાના કારણે ઠંડીના કારણે સગીરાનું મોત થયું હતું. પોલીસે પ્રેમીની પૂછપરછ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ આ ખુલાસો કર્યો હતો.શિવરાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામના રહેવાસી શુક્રવારે પોતાની પુત્રીને ઘરે એકલી મૂકીને સંબંધીના ઘરે લગ્ન માટે ગયા હતા. ત્યારબાદ યુવતી પડોશમાં બીજા ઘરમાં રહેતા તેના મોટા ભાઈની પાંચ વર્ષની પુત્રીને પોતાની સાથે સુવા માટે લાવી હતી.

### સંભલ પ્રશાસન દ્વારા અહીં ખોદકામની કામગીરી ચાલી રહી છે

### મ્યુનિસિપલ કાઉન્સિલની પચાસ લોકોની ટીમ સ્ટેપવેલનું રહસ્ય ખોલવા માટે કામ કરી રહી છે

## એએસઆઇ ટીમે યુપીના સંભલમાં પગથિયાંનું નિરીક્ષણ કર્યું । ૧૩ સીડી સ્પષ્ટ દેખાતી હતી

। લખનૌ, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના સંભલના ચંદૌસી વિસ્તારમાં મળેલા સદીઓ જૂના વાવનું બુધવારે એએસઆઈ સર્વે ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની ટીમ પણ સંભલના લાડમ સરાય વિસ્તારમાં પહોંચી હતી. અહીં ખોદકામ દરમિયાન વહીવટીતંત્રને એક જૂનો કૂવો મળ્યો છે. ટીમે આ કૂવાનું પણ નિરીક્ષણ કર્યું હતું. સંભલ પ્રશાસન દ્વારા અહીં ખોદકામની કામગીરી ચાલી રહી છે. સંભાલના ચંદૌસીમાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તાર લક્ષ્મણગંજમાં વર્ષોથી કાટમાળ અને માટી નીચે દટાયેલી જોવા મળેલી સ્ટેપવેલ બિલ્ડીંગ હવે સ્તરે સ્તરે લોકો સમક્ષ જાહેર થઈ રહી છે. મંગળવારે ચોથા દિવસે પણ ખોદકામ હાથ



ધરાયું હતું. પાલિકાના ૩૦ કામદારો પાવડા વડે સ્ટેપવેલના ઉપરના માળેથી માટી કાઢવામાં વ્યસ્ત હતા. અંધારું થાય ત્યાં સુધીમાં, પગથિયાંની અંદર જતી તેર સીડીઓ સ્પષ્ટ દેખાય છે. બુધવારે પણ વાવમાંથી માટી કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે.સોમવારે જ્યારે સ્ટેપવેલ ઉપર અને કોરિડોરમાંથી એકઠી થયેલી માટી હટાવીને સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે કેટલીક સીડીઓ વાવમાં જતી જોવા મળી હતી. જોકે, ત્રીજા દિવસે મંગળવારે બપોર બાદ કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. ચોથા દિવસે મંગળવારે મ્યુનિસિપલ ટીમ એક જેસીબી અને ત્રણ ટ્રેક્ટર ટ્રોલી અને ૩૦ મજૂરો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. બધા કામદારો કોરિડોરથી સ્ટેપવેલની સીડી સુધી એક લાઈનમાં ઉભા રહ્યા અને માટી કાઢવાનું શરૂ કર્યું. કામદારો કોરિડોરમાંથી માટી કાઢીને બહાર ફેંકી રહ્યા હતા. આ જ જેસીબી ટ્રેક્ટર-ટ્રોલીમાં માટી ભરી રહ્યું હતું.

### અનેક ગુજરાતીઓ લૂંટાયા | સુતાવર ગામ નજીક સ્થિત ૯૯ બજારના વેરહાઉસમાં સ્ટેપલરમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી

## આફ્રિકાના મોઝામ્બિકમાં દુકાનો અને વેરહાઉસો સળગાવી દેવામાં આવ્યા

। લારમેહરૂ, તા.૨૫ ।

આફ્રિકાના મોઝામ્બિકમાં લૂંટની એક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં અનેક ગુજરાતીઓને લૂંટવામાં આવ્યા છે. આફ્રિકાના મોઝામ્બિક શહેરમાં રહેતા ઈમરાન યાકુબ ભાઈજી, યાસીન સાલેહ અને ઈનાયત મનુ, સફરાઝભાઈ સિતપોન નામના ગુજરાતીઓની દુકાનો લૂંટાઈ છે. આ સાથે ગુજરાતીઓના મોટા ગોદામો પણ લૂંટાયા અને સળગાવી દેવામાં આવ્યા. આ લૂંટમાં ૨૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો



અંદાજ છે. જંબુસરના કાવી અને ભરૂચના સીતપોણ ગામમાં અનેક લોકોની દુકાનો લૂંટાઈ છે. હાલ આ તમામ વિસ્તારોમાં ભયનું વાતાવરણ છે અને સરકાર પાસે તાત્કાલિક મદદની માંગ કરવામાં આવી રહી છે.લાર મેહરૂના રામજાનકી રોડ પર સુતાવર ગામ નજીક સ્થિત ૯૯ બજારના વેરહાઉસમાં સ્ટેપલરમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી. જેમાં ૨.૫ લાખની રોકડ સહિત રૂ.૨૦ લાખનો માલસામાન બળીને રાખ થઈ ગયો હતો. માહિતી મળ્યા બાદ નાયબ તહસીલદાર ગોપાલજી ત્યાં પહોંચ્યા અને સ્થળનું નિરીક્ષણ કર્યું.લાર પોલીસ સ્ટેશન વિસ્તારના સુતાવર ગામ પાસે સ્થિત ૯૯ બજારના વેરહાઉસમાં સવારે ૮.૩૦ વાગ્યે આગ લાગી હતી. સુતાવર સ્થિત ૯૯ બજારના વેરહાઉસમાં આગની માહિતી મળતા તેઓ ઘટનાસ્થળે ગયા હતા. ગ્રામજનો અને ફાયર બ્રિગેડના બે વાહનોની મદદથી આગને કાબુમાં લેવામાં આવી છે. રિપોર્ટ મળ્યા બાદ સરકારી સ્તરેથી જે પણ મદદ શક્ય બનશે તે પૂરી પાડવામાં આવશે. આગના કારણે છતની દિવાલોને નુકસાન થયું હતું. બીજી તરફ આગની માહિતી મળતાં જ નાયબ તહસીલદાર ગોપાલ પ્રસાદ, કાયદા અધિકારી ચંદ્રપ્રકાશ લાલ શ્રીવાસ્તવ, એકાઉન્ટન્ટ સત્યપ્રકાશ કુમારે આગની માહિતી મળતાં જ રામજાનકી રોડ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

# ઓખા જેટી ખાતે અચાનક ક્રેન તૂટતાં સર્જાઈ ભયાનક દુર્ઘટના, ૩ શ્રમિકોના મોત

। દ્વારકા,તા.૨૫ ।

ઓખા જેટી ખાતે ભયાનક દુર્ઘટના સર્જાઈ. આ દુર્ઘટનામાં ૩ શ્રમિકોના મોત થયા. ઓખા જેટી પર કોસ્ટગાર્ડની જેટી બનાવવાની કામગીરી દરમ્યાન આ ગોઝારી દુર્ઘટના બનવા પામી. જેટી બનાવવાની કામગીરી દરમ્યાન અચાનક ક્રેન તૂટી પડતા ત્યાં કામ કરનાર શ્રમિકો નીચે પાણીમાં પ ટકાયા. તો કેટલાક શ્રમિકોના ક્રેન નીચે દબાઈ જતા મોત નિપજ્યા. ઘટનાની માહિતી મળતાં જ કોસ્ટ ગાર્ડ, પોલીસ વિભાગની સાથે ૧૦૮ની ટીમ પણ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. અને શ્રમિકોને બચાવવાની કામગીરી હાથ ધરાઈ. મળેલ માહિતી મુજબ ઓખા જેટી પર કોસ્ટગાર્ડની જેટી બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેટી બનાવવા માટે અનેક શ્રમિકો કામ કરી રહ્યા છે. દરમ્યાન આ કામગીરીમાં અચાનક ક્રેન તૂટી પડતા અનેક શ્રમિકો તેની નીચે દબાઈ જતા ઉનું ઘટનાસ્થળ પર જ મોત નિપજયું.































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya